મોરબી : મોરબીમાં લાલબાગ સ્થિત સેવા સદન કચેરીમાં ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય વિભાગના અધિકારી અને તેનો પ્રાઈવેટ ડ્રાઈવરને એસીબીની ટીમે રૂ.૨૫ હજારની લાંચ લેતા રંગે હાથ ઝડપી લેતા લાંચીયા કર્મચારીઓમાં ફફડાટ ફેલાયો છે. ફેક્ટરીના નકશા મંજુર કરવા અને તપાસ ન કરવા માટે નાણાની માંગ કરતા એસીબીમાં ફરીયાદ કરી હતી.

ફેક્ટરી એક્ટ એડવાઈઝર તરીકે કન્સલ્ટિંગનું કામ કરતા એક જાગૃત નાગરીકે એસીબીમાં ફરીયાદ કરી હતી જેમા. તેમના ક્લાયન્ટ્સની ફેક્ટરીના નકશા મંજુર કરાવવા તેમજ ફેક્ટરીઓમાં વારંવાર વિઝિટ કરી હેરાન પરેશાન ન કરવાના બદલામાં ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યના નાયબ નિયામક તરીકે નોકરી કરતા અને રાજકોટમાં ભકિતનગર સોસાયટીમાં રહેતા જતીનભાઈ સુરેશચંદ્ર આડેસરાએ ૨૫ હજાર રૂપિયાની લાંચ માંગી હતી. ફરિયાદી આ લાંચના નાણાં આપવા માંગતા ન હોવાથી તેઓએ તાત્કાલિક મોરબી એસીબીનો સંપર્ક કર્યો હતો. ત્યારબાદ મોરબી એસીબીના પોલીસ ઈન્સ્પેક્ટર પી.એ. દેકાવાડિયા અને તેમની ટીમે ૫ ઓક્ટોબરના રોજ લાલબાગ સેવાસદન ખાતે આયોજનબધ્ધ રીતે છટકું ગોઠવતા ઝડપાઈ ગયા હતાં.

વાઈબ્રન્ટ સમિટમાં કારીગરોને વિદેશી બાયર્સ સાથે લિન્કેજ કરવાનું આયોજન

દિવાળી પહેલા સ્થાનિક બજારો ધબકતા રાખવા વન ડિસ્ટ્રીક્ટ વન પ્રોડક્ટ માટે પોર્ટલ લોન્ચ થશે

નાના ઉદ્યમીઓને PM-FME અને MSME હેઠળ ખાસ સબસિડી સહિતની રાહતો આપવા આદેશો

। ગાંધીનગર ।

દિવાળી પહેલાં સ્થાનિક અર્થતંત્રને ધબકતું રાખવા માટે 'વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટ' (ODOP) યોજનાને વધુ સક્રિય કરવામાં આવશે. આ અભિગમના સુચારુ અમલ અર્થે સોમવારે સચિવાલય ખાતે એક ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ હતી. જેમાં 'વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટ' માટે એક વિશેષ પોર્ટલ શરૂ કરવા તેમજ પ્રધાનમંત્રી સૂક્ષ્મ ખાદ્ય ઉદ્યોગ ઉન્નયન યોજના (PM-FME) અને MSME યોજનાઓ હેઠળ લોન સહાય, ગુણવત્તા ચકાસણી અને આકર્ષક પેકેજિંગ માટે ઉદ્યમીઓને સબસિડી આપવા આદેશ કરાયા છે. ઉલ્લેખનીય છે કે, આ પહેલ થકી વાર્ષિક રૂ.૩૦૦ કરોડથી વધુનું ટર્નઓવર થઈ રહ્યું છે.

'વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટ' યોજનાનો મુખ્ય ઉદ્દેશ દરેક જિલ્લાની સ્થાનિક ખાસિયત, વિશિષ્ટ કળા, કારીગરી કે કૃષિ પેદાશને ઓળખી તેને વૈશ્વિક ઓળખ અપાવી સ્થાનિક સ્તરે રોજગારી વધારવાનો છે. સોમવારે મુખ્યમંત્રી અને સચિવો વચ્ચે યોજાયેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં કચ્છની અજરખ પ્રિન્ટ, બાંધણી અને કચ્છી ભરતકામ; આણંદના અકીકના શો-પીસ અને ઘરેણાં; જામનગરની બાંધણી અને બ્રાસ પાર્ટ્સ; પાટણના પટોળા અને મશરૂ વણાટકામ; સુરેન્દ્રનગરની ટંગાલિયા શાલ અને ઝાલાવાડ કોટન તેમજ ડાંગની નાગલી (રાગી) આધારિત ખાદ્યચીજો સહિત રાજ્યના તમામ જિલ્લાઓમાંથી પૂર્વ-નિર્ધારિત કરાયેલા ઉત્પાદનોને દિવાળીના તહેવારોમાં સ્થાનિક બજાર મળી રહે તે માટે વિશેષ આયોજન કરવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. માત્ર દિવાળી પૂરતું જ નહીં, પરંતુ આગામી વર્ષ ૨૦૨૭ની શરૂઆતમાં યોજાનારી વાઈબ્રન્ટ સમિટમાં પણ પરંપરાગત ઓળખ ધરાવતી ચીજવસ્તુઓ બનાવતા નાના ઉદ્યમીઓને વિદેશી ખરીદદારો મળી રહે તે હેતુસર એક્શન પ્લાન તૈયાર કરવા તાકીદ કરાઈ છે.

ગુજરાતમાં સ્થાનિક ઉદ્યમીઓ અને નાના કારીગરોના ઉત્પાદનોના સીધા વેચાણ અર્થે અમદાવાદ, વડોદરા અને સુરત જેવા મહાનગરો ઉપરાંત એરપોર્ટ પર પણ અગાઉથી ખાસ સ્ટોલ ઊભા કરવામાં આવ્યા છે. તેની સાથે જ હસ્તકળાના કારીગરો અને વણકરોને તેમના ઉત્પાદનો એમેઝોન, ફ્લિપકાર્ટ અને સરકારી ઈ-માર્કેટપ્લેસ (GeM) પર ઓનલાઇન વેચવા માટે તાલીમ અને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવી રહ્યું છે. હવે ખુલ્લા બજારમાં પણ આ નવરાત્રિથી આવા ઉત્પાદનો માટે વિશેષ જગ્યા ફાળવવામાં આવશે.

પ્રદેશ કોંગ્રેસ દ્વારા પ્રથમવાર નેતાઓની નિમણુંક કરી

ધોરાજી, ઉપલેટા, વિંછીયા, પડધરી તાલુકા પંચાયતોમાં કોંગ્રેસના નેતા, ઉપનેતા, દંડકની નિમણુંક કરાઈ

। રાજકોટ ।

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા રાજકોટ જિલ્લાની ધોરાજી, ઉપલેટા, વિંછીયા, પડધરી, જેતપુર, જસદણ, કોટડાસાંગાણી તાલુકા પંચાયતોમાં પક્ષના નેતા, ઉપનેતા અને દંડક તરીકે નિમણૂંકો જાહેર કરવામાં આવી છે. તાજેતરમાં યોજાયેલ સ્થાનીક સ્વરાજની ચુંટણીમાં કોંગ્રેસના ઉમેદવારો બેઠક ઉપર વિજેતા થતા તેઓને હવે પ્રથમવાર નિમણુંક આપવામાં આવી છે.

ધોરાજી તાલુકા પંચાયતમાં નેતા તરીકે શારદાબેન કાનગડ, ઉપનેતા વશરામભાઈ વાઘેલા, દંડક રોહિત ખટારીયા, ઉપલેટામાં નેતા જયદેવસિંહ વાળા, ઉપનેતા લાખાભાઈ ડાંગર, દંડક કાજલબેન ભીભા,વિંછીયામાં નેતા હરેશકુમાર ભાલાળા, ઉપનેતા રમાબેન ગરાંભડીયા, દંડક મધુબેન બાવળિયા, પડધરીમાં નેતા મીનાબા જાડેજા, ઉપનેતા લલીતભાઈ સચાણીયા, દંડક ગીતાબેન મકવાણા, જસદણમાં નેતા ભગદેવભાઈ પડાયા, જેતપુરમાં નેતા જીકેશભાઈ જોડીયા, કોટડા સાંગાણીમાં નેતા તરીકે નીલેશભાઈ વઘાસીયાની નીમણુંક કરવામાં આવી છે.

જસદણ, જેતપુર, કોટડાસાંગાણીમાં માત્ર નેતાની વરણી

અમદાવાદથી તબીબ અને પરિવારના સભ્યો વીરપુર દર્શને જઈ રહ્યાં હતા

ગોંડલ પાસે અકસ્માત:રેતી ભરેલા ટ્રકે કાર-પિકઅપને ઠોકર મારી, ડીસાના ડોક્ટર પરિવારનો આબાદ બચાવ

પોલીસે અજાણ્યા ટ્રક ડ્રાઈવર સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી

। ગોંડલ ।

રાજકોટ-જેતપુર નેશનલ હાઈવે પર ગોંડલ આશાપુરા ચોકડી પાસે ઓવરલોડ રેતી ભરેલા ટ્રકના ડ્રાઈવરે બેફિકરાઈથી વાહન ચલાવી ઈનોવા કાર અને પિકઅપ ગાડીને ઠોકર મારતા અકસ્માત સર્જાયો હતો. આ ઘટનામાં અમદાવાદથી વિરપુર જલારામ બાપાના દર્શનાર્થે જઈ રહેલા ડીસાના તબીબ પરિવારનો આબાદ બચાવ થયો છે. અકસ્માત સર્જ્યા બાદ ટ્રક ચાલક પોતાનું વાહન સ્થળ પર જ છોડીને નાસી છૂટ્યો હતો. ગોંડલ બી ડિવિઝન પોલીસે અજાણ્યા ટ્રક ડ્રાઈવર સામે ગુનો નોંધી કાયદેસરની તપાસ શરૂ કરી છે.

બનાસકાંઠાના ડીસા ખાતે રહેતા અને શાંતિ ક્લિનિક ચલાવતા ડોક્ટર મિહીરભાઈ અરવિંદભાઈ ઠક્કર પોતાના પરિવાર સાથે અમદાવાદના સાઉથ બોપલ સ્થિત સસરાના ઘરેથી ઈનોવા હાઈક્રોસ કાર (GJ-૦૮-FA-૮૫૦૫) લઈને વિરપુર જલારામ બાપાના દર્શને જવા નીકળ્યા હતા. કારમાં તબીબ મિહીર ઠક્કર ઉપરાંત તેમના પત્ની કવિતાબેન, પુત્રીઓ કવીશા અને વીંદા, પિતા અરવિંદભાઈ, માતા આશાબેન, સસરા કિશોરભાઈ અને સાસુ વંદનાબેન સવાર હતા. ચોટીલા ચામુંડા માતાજીના દર્શન કરીને વિરપુર તરફ જતી વખતે ગોંડલ આશાપુરા ચોકડી પાસે પહોંચતા, પાછળથી પૂરઝડપે આવેલા અશોક લેલન્ડ કંપનીના ઓવરલોડ રેતી ભરેલા ટ્રકે (GJ-૦૩-BZ-૬૫૨૨) તેમની ઈનોવા કારને પાછળથી સાઈડના ભાગે જોરદાર ઠોકર મારી હતી.ઠોકર વાગવાના કારણે ઈનોવા કાર આગળના ભાગે ડિવાઈડરના બ્લોક સાથે અથડાઈ હતી અને આગળ જઈ રહેલી મહિન્દ્રા બોલેરો પિકઅપ ગાડી (GJ-૦૩-BT-૯૭૨૮) સાથે પણ સાઈડમાં અથડાઈ હતી. અકસ્માત સર્જીને ટ્રક ચાલક પોતાનો ટ્રક રસ્તા પર જ મૂકીને નાસી ગયો હતો.

આ ઘટનામાં ઈનોવા કારની પાછળની ડેકી, કાચ, ટાયર અને સાઈડના દરવાજા તેમજ આગળના બમ્પર અને કાચને ભારે નુકસાન થયું હતું. જ્યારે બોલેરો પિકઅપ ગાડીના જમણી બાજુના ટાયરમાં નુકસાન પહોંચ્યું હતું. જોકે, સદનસીબે આ અકસ્માતમાં ઈનોવા કારમાં સવાર તબીબ પરિવારના તમામ આઠ સભ્યોનો સુરક્ષિત બચાવ થયો હતો અને કોઈને પણ ઈજા પહોંચી નહોતી.

નામ બદલાવેલ છે

આથી હું ભારાણી અંજલિબેન મહેશભાઈ જાહેર કરું છું કે મેં મારું જુનુ નામ ભારાણી અંજલિ મહેશભાઈ માંથી બદલાવી ને ભારાણી અંજલિબેન મહેશભાઈ કરેલ છે જેની સર્વે નોંધ લેવી.
સરનામુ : ભારાણી અંજલિબેન મહેશભાઈ માધવ વાટીકા, બ્લોક નં.૫૦૧-A વિંગ, સોજીત્રાનગર મેઈન રોડ, રૈયા રોડ રાજકોટ- ૩૬૦૦૦૭ ગુજરાત

વિદેશથી MBBS કરેલા ઈન્ટર્ન ડોક્ટરોને પણ હવેથી મહિને રૂ. ૨૧,૮૪૦ સ્ટાઈપેન્ડ

અમદાવાદ : વિદેશથી એમબીબીએસ કરેલા ઈન્ટર્ન ડોક્ટરોને સ્ટાઈપેન્ડ આપવા માટે રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. રાજ્યના આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરિયાએ જણાવ્યું હતું કે, રાજ્યની સરકારી અને GMERS મેડિકલ કોલેજો ખાતે ઇન્ટર્નશીપ કરતા આવા MBBS ઇન્ટર્ન તબીબોને રાજ્યના અન્ય ઇન્ટર્ન તબીબો જેટલું જ એટલે કે દર મહિને રૂ. ૨૧,૮૪૦/- નું સ્ટાઇપેન્ડ ચૂકવવામાં આવશે. આ નિર્ણયથી રાજ્ય સરકારની અને જીએમઈઆરએસ મેડિકલ કોલેજોમાં ઈન્ટર્નશીપ કરતા આશરે ૩૫૦ જેટલા વિદ્યાર્થીઓને સીધો ફાયદો થશે. નેશનલ મેડિકલ કમિશન, ન્યુ દિલ્હીના નિયમો મુજબ વિદેશ ખાતેથી MBBSનો અભ્યાસ પૂર્ણ કરેલ દેશના દરેક તબીબી વિદ્યાર્થીએ ભારતમાં ફરજિયાત એક વર્ષની ઇન્ટર્નશીપ કરવાની હોય છે. રાજ્ય સરકારના આ વિદ્યાર્થી હિતલક્ષી નિર્ણયથી નેશનલ મેડિકલ કમિશન, ન્યુ દિલ્હીના નિયમ અનુસાર ગુજરાત મેડિકલ કાઉન્સિલ દ્વારા રાજ્યની સરકારી અને GMERS મેડિકલ કોલેજો ખાતે તા. ૦૧/૦૬/૨૦૨૬ અને તા. ૦૧/૧૦/૨૦૨૬થી ઇન્ટર્નશીપ પોસ્ટીંગ મેળવનારા આશરે ૩૫૦ જેટલા વિદ્યાર્થીઓને પ્રતિ માસ રૂ. ૨૧,૮૪૦/- નું સ્ટાઇપેન્ડ મળવા પાત્ર રહેશે. રાજ્ય સરકાર દ્વારા વિદેશથી MBBS અભ્યાસક્રમ પાસ કરેલા ઇન્ટર્ન તબીબોના હિતમાં આ મહત્વપૂર્ણ લેવાયો છે, આ નિર્ણયથી વિદેશથી અભ્યાસ કરીને પરત ફરેલા રાજ્યના હોનહાર તબીબી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન અને આર્થિક ટેકો મળશે.

રાજકોટ જિલ્લામાં વિવિધ સ્થળોએ 'સેવા સેતુ ૨.૧'નું આયોજન

જસદણ, જેતપુર, પડધરી અને જામકંડોરણા તાલુકામાં આજે 'સેવા સેતુ ૨.૧' યોજાશે

આરોગ્ય, રેશનકાર્ડ, આધાર કાર્ડ નોંધણી સહિતની વિવિધ સેવાઓ સ્થળ પર પૂરી પાડશે

। રાજકોટ ।

સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત રાજકોટ જિલ્લામાં છેવાડાના નાગરિકોને વિવિધ સરકારી યોજનાઓ,દાખલાઓ અને પ્રમાણપત્રોનો લાભ એક જ સ્થળેથી ત્વરિત અને સુગમતાથી મળી રહે તેવા હેતુથી વિવિધ તાલુકાઓ તથા નગરપાલિકા વિસ્તારમાં "સેવા સેતુ ૨.૧" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

તા.૬ ઓક્ટોબરના રોજ જસદણ નગરપાલિકા ભવન ખાતે વોર્ડ નંબર ૧થી૭ના નાગરિકો માટે 'સેવા સેતુ ૨.૧' યોજાશે. જેતપુર તાલુકામાં વાળાડુંગર ગામે ખાંટ રાજપૂત સમાજ ખાતે, રાજકોટના હલેન્ડા ગામે પ્રાથમિક શાળા ખાતે, જામકંડોરણા તાલુકામાં જામદાદરની પ્રાથમિક શાળા ખાતે, જસદણના જૂના પીપળીયા ગામની પ્રાથમિક શાળા ખાતે તેમજ પડધરી તાલુકામાં થોરીયાળી ગામે તાલુકા શાળા ખાતે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ 'સેવા સેતુ ૨.૧' દરમિયાન આરોગ્ય, રેશનકાર્ડ, આધાર કાર્ડ નોંધણી તથા અપડેશન, આવક અને જાતિના દાખલા, સામાજિક સુરક્ષા તેમજ કૃષિ વિભાગને લગતી વિવિધ યોજનાકીય સેવાઓ સ્થળ પર જ પૂરી પાડવામાં આવશે. સબંધિત તમામ વિસ્તારના દરેક નાગરિકોને આ સુવિધાઓનો લાભ લેવા વહીવટી તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે.

ધ્રોલમાં ખેતીની જમીન વેચવાની છે

ધ્રોલ-ટંકારા હાઇવે રોડ ઉપર હરીપર ગામથી ૧ કી.મી.અંદર ૧૪ વિઘા જૂની શરતની, જેમાં કુવો ૬૦ ફૂટ, આડાબોર-૪, ફૂલ પાણી ટાઇટલ કલીયર, બે રૂમ આગળ, ૧૦ ફૂટ ની ચાલી, એટેચ્ડ સંડાસ - બાથરૂમ, પાણીનો ટાંકો, વિજ કનેક્શન તેમજ ૨૦ નાળીયેરી તથા ૪૦ આંબાના વૃક્ષો. ફરતી ફેન્સીંગ મેઈન ગેટ સાથેની જમીન વેચવાની છે.
સંપર્ક : હસમુખભાઈ કંસારા - ૭૯૯૦૩ ૬૫૩૫૭, ૯૪૨૭૫ ૧૦૫૨૨

ફાયદાથી
પેન્ટ પીસ
રેમન્ડ - દિગ્જામ - સિયારામ
શુટ, શફારી, કુર્તા માટે કાપડ ₹450 થી 2000
મોહિત
સ્વામી વિવેકાનંદના પૂતળા પાછળ, યાજ્ઞિક રોડ, રાજકોટ.
M. 90999 19962

GOVERNMENT OF MEGHALAYA
EDUCATION DEPARTMENT

No.EDN.124/2026/29 Dated Shillong, the 30th September, 2026

PUBLIC NOTICE

Conduct of examinations and academic progression of existing enrolled students of CMJ University, Meghalaya

With reference to the UGC letter D.O.No.8-21/2010(CPP-I/PU)/78587, dated 02-09-2026, the office of the Administrator, under the Government of Meghalaya, is directed to inform all students of CMJ University as follows:-"All students presently studying Diploma, Undergraduate and Postgraduate programmes at the University may be allowed to appear in examinations conducted under the supervision of an external agency/ third party, under the overall responsibility of the State Education Department."

Therefore, students are required to complete the form to submit their personal details for the examination using the QR code provided. Failure to submit the details will hinder the examination process, as these details are needed to arrange examinations with third-party institutions. The form link will remain active to accept responses until 01-11-2026.

Link - https://forms.gle/3aMvMVWX2DxnNSzv5

Sd/-
Administrator of CMJ University, Meghalaya
& Joint Secretary to the Govt. of Meghalaya
Education Department

MIPR No. : 1769
Dated : 30-09-2026

સંદેશ Appointment advantage
Every Tuesday Thursday Saturday
For Advertisement Booking
Call : 90999 80068

ફોર્મ II
બાડમેર એચવીડીસી પાવર ટ્રાન્સમિશન લિમિટેડ
(પાવર ગ્રીડ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા લિમિટેડની માલિકીની પૂર્ણપણે ૧૦૦% સબ્સિડરી)
બી-૯, કુતુબ ઇન્સ્ટીટ્યુશનલ એરિયા, કટવારિયા સરાઇ, નવી દિલ્હી - ૧૧૦ ૦૧૬ સીઆઇએન : CIN: U42202DL2025GOI456212

નોટિસ
(ઇલેક્ટ્રિસિટી એક્ટ, ૨૦૦૩ની કલમ ૧૫ની પેટા કલમ (૨) હેઠળ)

૧. બાડમેર એચવીડીસી પાવર ટ્રાન્સમિશન લિમિટેડ, જેની રજિસ્ટર્ડ ઓફિસ બી-૯, કુતુબ ઇન્સ્ટીટ્યુશનલ એરિયા, કટવારિયા સરાઇ, નવી દિલ્હી-૧૧૦૦૧૬ ખાતે છે, તે કંપની ધારા ૨૦૧૩ હેઠળ નોંધણી થયેલ છે તેણે કેન્દ્રીય વિદ્યુત નિયમનકારી પંચ, નવી દિલ્હી સમક્ષ ઇલેક્ટ્રિસિટી એક્ટ, ૨૦૦૩ની કલમ ૧૫ની પેટા કલમ (૧) હેઠળ નીચે આપેલ વિગતો મુજબની ટ્રાન્સમિશન લાઇનો, સબ-સ્ટેશનો અને અન્ય એસેટ્સ બાબતે ટ્રાન્સમિશન લાઇસન્સ પ્રદાન કરવા આવેદન કરેલ છે.

અ.નં.	લાઇન/સબ-સ્ટેશનનું નામ (સ્થળ)	લાઇનની લંબાઈ/ક્ષમતા	અંદાજિત પૂર્ણ કરવાનું મૂલ્ય/લેવલાઇઝ્ડ ટ્રાન્સમિશન ચાર્જિસ	શેડ્યૂલ સીઓડી	રિમાર્કસ
૧	૦૧. બાડમેર નજીક યોગ્ય સ્થળે ૪૦૦/૨૨૦ કેવી, ૬x૫૦૦ એમવીએ એસ/એસ (બાડમેર II સબ-સ્ટેશન)ની સ્થાપના ૨x૧૨૫ એમવીએઆર બસ રિએક્ટર સાથે ભવિષ્યની જોગવાઈઓ (વર્તમાન યોજનાના વ્યાપ સિવાય): ➤ સ્વિચેબલ લાઇન રિએક્ટર સાથે ૪૦૦ કેવી લાઇન બેઝ-૬ ➤ ૪૦૦ કેવી લાઇન બેઝ-૪ નંગ ➤ બેઝ સાથે ૪૦૦ કેવી બસ રિએક્ટર: ૧ નંગ ➤ બેઝ સાથે ૪૦૦/૨૨૦ કેવી આઇસીટી-૪ નંગ ➤ ૪૦૦ કેવી સેક્શનલાઇઝેશન બેઝ : ૨ સેટ ➤ આરઇ એપ્લિકેશન્સની કનેક્ટિવિટી માટે ૨૨૦ કેવી લાઇન બેઝ-૫ નંગ ➤ ૨૨૦ કેવી સેક્શનલાઇઝેશન બે : ૨ સેટ ➤ ૨૨૦ કેવી બીસી (૨ નંગ) અને ટીબીસી (૨ નંગ) ➤ ૨ નંગ ૪૦૦ કેવી લાઇન બેઝ સાથે ૪૦૦ કેવી લેવલ પર સિન્કોન યુનિટ્સ* ના ૨ નંગ ➤ ૪૦૦ કેવી લાઇન બેઝ (૨ નંગ) સાથે સ્ટેટકોમ (૨x±૩૦૦ એમવીએઆર, ૪x૧૨૫ એમવીએઆર એમએસસી, ૨x૧૨૫ એમવીએઆર એમએસઆર) *(૧ સિન્કોન યુનિટમાં +૩૦૦ એમવીએઆર/-૨૦૦ એમવીએઆર (ન્યૂનતમ)નો ડાયનેમિક સપોર્ટ અને પીસીસી પર ૧૨૦૦ એમવીએ (ન્યૂનતમ)નું શોર્ટ સર્કિટ કન્ટ્રીબ્યુશન સમાવિષ્ટ છે)	બાડમેર-II પીએસ-એઆઇએસ • ૪૦૦/૨૨૦ કેવી ૫૦૦ એમવીએ આઇસીટી-૬ નંગ • ૪૦૦ કેવી આઇસીટી બેઝ-૬ નંગ • ૨૨૦ કેવી આઇસીટી બેઝ-૬ નંગ • ૧૨૫ એમવીએઆર બસ રિએક્ટર-૨ નંગ • ૪૦૦ કેવી બસ રિએક્ટર બેઝ-૨ નંગ • ૪૦૦ કેવી લાઇન બેઝ-૪ નંગ (આરઇ ઇન્ટરકનેક્શન માટે) • ૨૨૦ કેવી લાઇન બેઝ-૭ નંગ (આરઇ કનેક્ટિવિટી માટે) • ૨૨૦ કેવી સેક્શનલાઇઝેશન બે: ૧ સેટ • ૨૨૦ કેવી બીસી (૨ નંગ) અને ટીબીસી (૨ નંગ) • ૪૦૦ કેવી સેક્શનલાઇઝર બે-૧ સેટ	રૂ. ૩૨,૪૪૩.૨૫ મિલિયન પ્રતિ વર્ષ	૪૮ મહિના (૨૩.૦૯.૨૦૩૦)	
૨	બાડમેર-II પીએસ ખાતે ૪૦૦ કેવી ફતેહગઢ-IV પીએસ-બાડમેર-I પીએસ ડી/સી લાઇનના બંને સીકેટીએસનું લીલો (LILO)	• લાઇન લંબાઇ-૧૩ કિમી (લીલો લંબાઇ-૧૩ કિમી) • ૪૦૦ કેવી લાઇન બેઝ-૪ નંગ (બાડમેર-II પીએસ છેડે)			
૩	બાડમેર-II પીએસ-બાડમેર-II પીએસ ૪૦૦ કેવી ડી/સી લાઇન (ક્વાડ)	• લાઇન લંબાઇ-૧૯ કિમી બાડમેર-II પીએસ ખાતે • ૪૦૦ કેવી લાઇન બેઝ-૨ નંગ			
૪	બાડમેર-II સબ-સ્ટેશન નજીક યોગ્ય સ્થળે ૬૦૦૦ એમડબલ્યુ, ± ૮૦૦ કેવી બાડમેર-II (એચવીડીસી) (એલસીસી) ટર્મિનલ સ્ટેશન (૪x૧૫૦૦ એમડબલ્યુ) ની સ્થાપના	• એચવીડીસી ટર્મિનલ સ્ટેશન (± ૮૦૦ કેવી, ૩૦૦૦ એમડબલ્યુ (બાયપોલ ગોઠવણી)-૨ નંગ)		૫૪ મહિના (૨૩.૦૩.૨૦૩૧) (બાયપોલ-૧: ૪૮ મહિના, (૨૩.૦૯.૨૦૩૦) બાયપોલ-૨: ૫૪ મહિના (૨૩.૦૩.૨૦૩૧))	
૫	દક્ષિણ કલંબ નજીક યોગ્ય સ્થળે ૬૦૦૦ એમડબલ્યુ, ± ૮૦૦ કેવી સાઉથ કલંબ એસ/એસ (એચવીડીસી) (એલસીસી) ટર્મિનલ સ્ટેશન (૪x૧૫૦૦ એમડબલ્યુ) ની સ્થાપના	• એચવીડીસી ટર્મિનલ સ્ટેશન (± ૮૦૦ કેવી, ૩૦૦૦ એમડબલ્યુ (બાયપોલ ગોઠવણી)-૨ નંગ)			
૬	બાડમેર-II (એચવીડીસી) અને સાઉથ કલંબ (એચવીડીસી) વચ્ચે ±૮૦૦ કેવી એચવીડીસી બાયપોલ લાઇન (હેક્સા લેપવિંગ) (સમાંતર સમર્પિત મેટાલિક રિટર્ન સાથે) (૬૦૦૦ એમડબલ્યુ બહાર મોકલવા માટે સક્ષમ) (૧૦૦% રિવર્સ પાવર ક્ષમતા સાથે)	• લાઇન લંબાઇ - ૯૭૫ કિમી		૪૮ મહિના (૨૩.૦૯.૨૦૩૦)	
૭	૭. ૪x૧૫૦૦ એમવીએ, ૭૬૫/૪૦૦ કેવી આઇસીટી (૩ નંગ ૪૦૦ કેવી અને ૭૬૫ કેવી સેક્શન-II પર અને ૧ નંગ ૪૦૦ કેવી અને ૭૬૫ કેવી સેક્શન-II પર) તેમજ સેક્શન-II પર ૨x૩૩૦ એમવીએઆર, ૭૬૫ કેવી બસ રિએક્ટર અને ૨x૧૨૫ એમવીએઆર, ૪૨૦ કેવી બસ રિએક્ટર દ્વારા સાઉથ કલંબ એસ/એસની ક્ષમતામાં વધારો. નીચે આપેલ વિગતો મુજબ ડબલ્યુઆરમાં એક અલગ નેટવર્ક વિસ્તરણ યોજના હેઠળ સેક્શન-II ની સ્થાપના કરવામાં આવશે.	• ૭૬૫/૪૦૦ કેવી ૧૫૦૦ એમવીએ આઇસીટી-૪ નંગ • ૭૬૫ કેવી આઇસીટી બેઝ-૪ નંગ • ૪૦૦ કેવી આઇસીટી બેઝ-૪ નંગ • ૩૩૦ એમવીએઆર બસ રિએક્ટર-૨ નંગ (બસ સેક્શન-II પર) • ૭૬૫ કેવી બસ રિએક્ટર બેઝ-૨ નંગ (બસ સેક્શન II પર) • ૧૨૫ એમવીએઆર બસ રિએક્ટર-૨ નંગ (બસ સેક્શન II પર) ૪૦૦ કેવી બસ રિએક્ટર બેઝ-૨ નંગ (બસ સેક્શન II પર)		૪૮ મહિના (૨૩.૦૯.૨૦૩૦)	
૮	બાડમેર-II પીએસના ૪૦૦ કેવી લેવલ ખાતે ૨ નંગ સિન્કોન યુનિટ્સ (૧ સિન્કોન યુનિટમાં +૩૦૦ એમવીએઆર/-૨૦૦ એમવીએઆર (ન્યૂનતમ) નો ડાયનેમિક સપોર્ટ અને પીસીસી પર ૧૨૦૦ એમવીએ (ન્યૂનતમ) નું શોર્ટ સર્કિટ કન્ટ્રીબ્યુશન સમાવિષ્ટ છે)	• સિન્કોન યુનિટ્સ-૨ નંગ • ૪૦૦ કેવી લાઇન બેઝ-૨ નંગ		૪૮ મહિના (૨૩.૦૯.૨૦૩૦)	

૪x૧૫૦૦ એમવીએ, ૭૬૫/૪૦૦ કેવી આઇસીટી, ૨x૩૩૦ એમવીએઆર, ૭૬૫ કેવી બસ રિએક્ટર અને ૨x૧૨૫ એમવીએઆર, ૪૨૦ કેવી બસ રિએક્ટર સાથે સાઉથ કલંબ એસ/એસની સ્થાપના તેમજ પુણે-III – બોઇસર-II ૭૬૫ કેવી ડી/સી લાઇનનું લીલો (LILO) (હાલમાં મેસર્સ ડબલ્યુઆરએનઇએસ ટીપીએલ, જે અદાણી એનર્જી સોલ્યુશન્સ લિમિટેડની સબસિડિયરી છે, તેના દ્વારા નિર્માણ હેઠળ)
$ નેટવર્ક વિસ્તરણ યોજના : ૭૬૫ કેવી સેક્શનલાઇઝેશન બે : ૨ સેટ અને ૪૦૦ કેવી સેક્શનલાઇઝેશન બે : ૨ સેટ દ્વારા નવા ૭૬૫ કેવી અને ૪૦૦ કેવી બસ સેક્શન-II અને III ની રચના સાથે સેક્શન-III પર ૨x૩૩૦ એમવીએઆર, ૭૬૫ કેવી બસ રિએક્ટર અને ૨x૧૨૫ એમવીએઆર, ૪૨૦ કેવી બસ રિએક્ટર તેમજ સાઉથ કલંબ એસ/એસથી સેક્શન-III પર ડાઉનસ્ટ્રીમ ૪૦૦ કેવી લાઇનો સાથે ૭૬૫ કેવી અને ૪૦૦ કેવી બંને લેવલ પર બસ સેક્શન ૩ ખાતે આઇસીટી વિસ્તરણ ૩x૧૫૦૦ એમવીએ ૭૬૫/૪૦૦ કેવી આઇસીટી)ની દરખાસ્ત મૂકવામાં આવેલ છે, જેનો અમલ અસરકારક તારીખથી ૨૪ મહિનાના સમયગાળામાં કરવાનો રહેશે. (સેક્શન-I અને II વચ્ચે તેમજ સેક્શન-II અને III વચ્ચેના ૪૦૦ કેવી સેક્શનલાઇઝર સામાન્ય રીતે ખુલ્લા રાખવામાં આવશે. વધુમાં, સેક્શન-I અને II વચ્ચે તેમજ સેક્શન-II અને III વચ્ચેના ૭૬૫ કેવી સેક્શનલાઇઝર સામાન્ય રીતે બંધ રાખવામાં આવશે. કટોકટીની સ્થિતિમાં ૪૦૦ કેવી સેક્શનલાઇઝર બંધ કરી શકાય છે.)

૨. કમિશન સમક્ષ ફાઇલ કરવામાં આવેલ સંપૂર્ણ અરજી અને અન્ય દસ્તાવેજો પાવર ગ્રીડ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા લિમિટેડની વેબસાઇટ www.powergrid.in/en/subsidiaries પર કોઇ પણ વ્યક્તિના એક્સેસ માટે ઉપલબ્ધ છે. આ અરજી નિરીક્ષણ માટે કંપનીની ઓફિસ સી/ઓ ઈડી (કોમર્શિયલ એન્ડ આરસી), પાવર ગ્રીડ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા લિમિટેડ, માળ નં. ૦૨, ટાવર-૦૧, ઇરકોન ઇન્ટરનેશનલ ટાવર, પ્લોટ નં. ૧૬, ઇન્સ્ટીટ્યુશનલ એરિયા, સેક્ટર-૩૨, ગુરુગ્રામ-૧૨૨૦૦૩ ખાતે શ્રી આર. કે. ગુપ્તા, પ્રોજેક્ટ ઇન-ચાર્જ, બાડમેર એચવીડીસી પાવર ટ્રાન્સમિશન લિમિટેડ અથવા કમિશન દ્વારા નિર્ધારિત પ્રક્રિયા અનુસાર કમિશનની ઓફિસમાં પણ ઉપલબ્ધ રહેશે.

૩. જો કોઈ વાંધા અથવા સૂચનો હોય તો, વર્તમાનપત્રમાં નોટિસ પ્રકાશિત થયાના ૧૫ દિવસમાં, વાંધા (ઓ)/સૂચન (નો)ની એક નકલ અરજદાર અથવા તેના અધિકૃત એજન્ટને મોકલવા સાથે સચિવ, સેન્ટ્રલ ઇલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન: ૬ઠ્ઠો, ૭મો અને ૮મો માળ, ટાવર બી, વર્લ્ડ ટ્રેડ સેન્ટર, નવરોજી નગર, નવી દિલ્હી-૧૧૦૦૨૯ સમક્ષ ફાઇલ કરવાના રહેશે.

સ્થળ : ગુરુગ્રામ
તારીખ: ૦૬.૧૦.૨૦૨૬
પ્રોજેક્ટ ઇન-ચાર્જ
બાડમેર એચવીડીસી પાવર ટ્રાન્સમિશન લિમિટેડ

PG/CC/Notice-58/SPV/Advt-78/26-27/centum

જુના દેવળીયામાં જુગાર રમતા બે ઝડપાયા

હળવદ : હળવદ પોલીસે બાતમીના આધારે જુના દેવળીયા ગામની સીમમાં જુગાર અંગે રેડ કરી હતી. આ રેડ દરમિયાન જયેશ બળદેવભાઈ પાટડીયા અને પ્રશાંત ધનજીભાઈ ભોજવીયાને જુગાર રમતા ઝડપી લીધા હતા. જ્યારે અન્ય આરોપીઓ મુનાભાઈ જાદવભાઈ કોળી (રહે. જુના દેવળીયા) અને રમણીક ઉર્ફે બુધો ઉર્ફે મુન્નો અવચરભાઈ કોળી તેમજ એક મોટરસાયકલ ચાલકને પકડવાના બાકી હોવાનું પોલીસે જણાવ્યું છે.

જોઈએ છે
ઈલેક્ટ્રીશ્યન વેલ્ડર • ફિટર
પગાર 20,000 થી 35,000 સુધી
M.95100 81129

સિલ્વર જ્વેલરી શો-રૂમ માટે
જોઈએ છે
• **સેલ્સમેન**
સેલેરી : ૨૦ થી ૩૦ હજાર
અનુભવ / આવડત પ્રમાણે
• **સેલ્સ સપોર્ટ**
સેલેરી : ૧૨ થી ૧૫ હજાર
જોબ લોકેશનઃ રણછોડનગર
Mob. 98798 37303

DHOLERA INTERNATIONAL AIRPORT COMPANY LTD.
(A Joint Venture of Airports Authority of India-Government of Gujarat-National Industrial Corridor Development & Implementation Trust)
CIN: U62100GJ2012SGC068709
Block-1, 3rd Floor, A2 Wing, Karmayogi Bhavan, Sector-10-A, Gandhinagar-382010

Applications are invited for the post of
Company Secretary
(E3- Executive & E4-Sr.Executive)

Notification with details of advertisement is available on website https://dholera.gujarat.gov.in–TAB-DIACL. Applications shall be submitted along with supporting documents on or before by **17/10/2026, 05:00 PM** in **HARD COPY** at this office address mentioned above. Phone: 079-23258560 / 079-23258528, Mob: 9426442323

INF/1521/2026-27 Managing Director

GUJARAT METRO RAIL CORPORATION (GMRC) LIMITED
(SPV of Govt. of India and Govt. of Gujarat)
Block No.1, First Floor, Karmayogi Bhavan, Sector 10/A, Gandhinagar: 382010, Gujarat, India
આપણી મેટ્રો

Gujarat Metro Rail Corporation (GMRC) Limited, jointly and equally owned by Government of India and Government of Gujarat, is entrusted with the responsibility of implementation of Metro Rail Projects in Gujarat and its Operations & Maintenance. GMRCL invites applications from qualified and experienced candidates for the post of **Sr. Deputy General Manager (Traction), Deputy General Manager (Signalling), Manager (Signalling), Asst. Manager (Signalling, Rolling Stock, Land Acquisition & R&R), Sr. Executive/Executive (Land Acquisition & R&R), Sr. Section Engineer (Rolling Stock, Signalling), Section Engineer (Rolling Stock) on contract/deputation basis.** For detailed recruitment notification, please visit career page of our website **www.gujaratmetrorail.com**. Last date to apply is 21st October, 2026.

વિદ્યાસહાયક (ધો.૧ થી ૮) / શિક્ષણસહાયક (ધો.૯ થી ૧૨) (દિવ્યાંગ) જોઈએ છે. (બીજો પ્રયત્ન)

આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર અનુદાનિત અને સંસ્થા **શ્રી પંચમહાલ કેળવણી મંડળ, કાલોલ સંચાલિત** નીચે દર્શાવ્યા મુજબની **આશ્રમશાળા / ઉ.બુ. આશ્રમ શાળા, ઉ. ઉ.બુ. આશ્રમશાળાઓમાં** દિવ્યાંગજનોની ખાસ ભરતી ઝુંબેશ અંતર્ગત **વિદ્યા સહાયકો(ધો.૧ થી ૮)/શિક્ષણ સહાયકો(ધો.૯ થી ૧૨)** ની જગ્યા પર દિવ્યાંગજનોની સીધી ભરતી માટે પ્રાયોજના વહીવટદારશ્રી, મુ.ગોધરા, જિ.પંચમહાલ દ્વારા તેઓના પત્ર ક્રમાંક : (૧) આવિ/આશ્રા/NOC/ફા.નં.૩૪૦/ ૨૦૨૬-૨૭/ ૧૧૮૧ થી ૧૧૮૪, તા.૦૪/૦૮/૨૦૨૬ (૨) આવિ/આશ્રા/NOC/ફા.નં.૩૪૦/૨૦૨૬-૨૭/૧૧૮૫ થી ૧૧૮૮ તા.૦૪/૦૮/૨૦૨૬ (૩) આવિ/આશ્રા /NOC/ ફા.નં.૩૪૦/૨૦૨૬-૨૭/૧૧૮૯ થી ૧૧૯૨ તા.૦૪/૦૮/૨૦૨૬ (૪) આવિ/આશ્રા/NOC/ફા.નં.૩૪૦/૨૦૨૬-૨૭/૧૧૯૩ થી ૧૧૯૬ તા. ૦૪/૦૮/૨૦૨૬ (૫)આવિ/આશ્રા/NOC/ફા.નં.૩૪૦/૨૦૨૬-૨૭/૧૧૯૭ થી ૧૨૦૦ તા.૦૪/૦૮/૨૦૨૬ (૬) આવિ/આશ્રા/NOC/ ફા.નં.૩૪૦/ ૨૦૨૬ -૨૭ /૧૨૦૧ થી ૧૨૦૪ તા.૦૪/૦૮/૨૦૨૬ થી ના વાંધા પ્રમાણપત્ર આપવામાં આવેલછે, જે અન્વયે ગુજરાતી માધ્યમના વિદ્યાસહાયકો (ધો.૧ થી ૮)/શિક્ષણ સહાયકો(ધો.૯ થી ૧૨)નીજગ્યા પર દિવ્યાંગજનોની ભરતી કરવાની છેઃ

ક્રમ	આશ્રમશાળાનું નામ	ધોરણ	જગ્યાનું નામ	વિષય	રોસ્ટર ક્રમ	ભરવાપાત્ર કેટેગરી	લાયકાત	જગ્યાઓ
૧	પી. એમ. શ્રી. જવાહરઆશ્રમશાળા, નારૂકોટ તા: જાંબુઘોડા જિ.પંચમહાલ	૧ થી ૫	વિદ્યા સહાયક (ધો.૧ થી ૮)	તમામ	૫૮	દિવ્યાંગજન (કેટેગરી-A) Blind, Low Vision	શિક્ષણ વિભાગના પ્રવર્તમાન નિયમો મુજબ + TET 1	૦૧
		૯ થી ૧૦	શિક્ષણ સહાયક (ધો.૯ થી ૧૦)	ગુજરાતી	૫૮		શિક્ષણ વિભાગના પ્રવર્તમાન નિયમો મુજબ + TAT (S)	સંખ્યાધિક
		૧૧ થી ૧૨	શિક્ષણ સહાયક (ધો.૧૧ થી ૧૨)	ભૂગોળ	૧		શિક્ષણ વિભાગના પ્રવર્તમાન નિયમો મુજબ + TAT (HS)	૦૧
૨	શ્રીમોરારજીદેસાઇઆદિવાસીઆશ્રમશાળા, છતરડીવાવ તા. કાલોલ જિ.પંચમહાલ	૬ થી ૮	વિદ્યા સહાયક (ધો.૧ થી ૮)	અંગ્રેજી	૫૮	દિવ્યાંગજન (કેટેગરી-A) Blind, Low Vision	શિક્ષણવિભાગના પ્રવર્તમાન નિયમો મુજબ + TET 2	૦૧
		૯ થી ૧૦	શિક્ષણ સહાયક (ધો.૯ થી ૧૦)	સામાજિક વિજ્ઞાન	૫૮		શિક્ષણ વિભાગના પ્રવર્તમાન નિયમો મુજબ + TAT (S)	સંખ્યાધિક
૩	આદિવાસીઆશ્રમશાળા, શિવરાજપુર તા: હાલોલ જિ.પંચમહાલ	૧ થી ૫	વિદ્યા સહાયક (ધો.૧ થી ૮)	તમામ	૫૮	દિવ્યાંગજન (કેટેગરી-A) Blind, Low Vision	શિક્ષણ વિભાગના પ્રવર્તમાન નિયમો મુજબ + TET 1	૦૧
		૯ થી ૧૦	શિક્ષણ સહાયક (ધો.૯ થી ૧૦)	ગુજરાતી	૫૮		શિક્ષણ વિભાગના પ્રવર્તમાન નિયમો મુજબ + TAT (S)	સંખ્યાધિક
૪	શ્રીસોનીપુરઆશ્રમશાળા, સોનીપુર તા. હાલોલ જિ.પંચમહાલ	૧ થી ૫	વિદ્યા સહાયક (ધો.૧ થી ૮)	તમામ	૫૮	દિવ્યાંગજન (કેટેગરી-A) Blind, Low Vision	શિક્ષણ વિભાગના પ્રવર્તમાન નિયમો મુજબ + TET 1	૦૧
		૯ થી ૧૦	શિક્ષણ સહાયક (ધો.૯ થી ૧૦)	ગણિત વિજ્ઞાન	૧		શિક્ષણ વિભાગના પ્રવર્તમાન નિયમો મુજબ + TAT (S)	૦૧
૫	મા. છ. ઠાકોર આદિવાસી આશ્રમશાળા, કરોલી તા. કાલોલ જિ.પંચમહાલ	૬ થી ૮	વિદ્યા સહાયક (ધો.૧ થી ૮)	ગણિત વિજ્ઞાન	૫૮	દિવ્યાંગજન (કેટેગરી-A) Blind, Low Vision	શિક્ષણવિભાગના પ્રવર્તમાન નિયમો મુજબ + TET 2	૦૧
		૯ થી ૧૦	શિક્ષણ સહાયક (ધો.૯ થી ૧૦)	ગુજરાતી	૫૮		શિક્ષણ વિભાગના પ્રવર્તમાન નિયમો મુજબ + TAT (S)	સંખ્યાધિક
૬	શ્રી માણેકલાલ મગનલાલ ગાંધી ઉચ્ચતર ઉત્તરબુનિયાદી આશ્રમશાળા, નારૂકોટ તા. જાંબુઘોડા જિ.પંચમહાલ	૯ થી ૧૦	શિક્ષણ સહાયક (ધો.૯ થી ૧૦)	ગુજરાતી	૫૮	દિવ્યાંગજન (કેટેગરી-A) Blind, Low Vision	શિક્ષણ વિભાગના પ્રવર્તમાન નિયમો મુજબ + TAT (S)	૦૧
		૧૧ થી ૧૨	શિક્ષણ સહાયક (ધો.૧૧ થી ૧૨)	કૃષિ વિદ્યા	૫૮		શિક્ષણ વિભાગના પ્રવર્તમાન નિયમો મુજબ + TAT (HS)	સંખ્યાધિક

શરતોઃ

૧. **લાયકાત** :ઉમેદવારની લાયકાત રાજ્ય સરકારશ્રી/શિક્ષણ વિભાગ દ્વારા વખતો-વખત નિયત કર્યા મુજબની રહેશે. નિયત લાયકાત તરીકે જરૂરી તમામ પરીક્ષાઓ તથા રાજ્ય સરકારશ્રી દ્વારા નિયત થયેલ સંબંધિત વિષયની TET-૧/૨ / TAT-S/HS પરીક્ષા અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં પાસ કરેલ હોવી જોઈશે.
૨. શૈક્ષણિક અને તાલીમી લાયકાત અનુક્રમે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તથા નેશનલ કાઉન્સિલ ફોર ટીચર એજ્યુકેશન દ્વારા માન્ય સંસ્થામાંથી જ પાસ કરેલી હોવી જોઈશે.
૩. ઉમેદવાર સરકારશ્રીએ ઠરાવ્યા પ્રમાણે કમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતા હોવા જોઈએ.
૪. નિયત લાયકાત અંગેના તમામ દસ્તાવેજોની પ્રમાણિત નકલ અરજી સાથે સામેલ રાખવાની રહેશે.
૫. ઉમેદવારે સા.વ.વિ.ના તા.૦૧/૧૨/૨૦૦૮ના પરિપત્રથી નિયત પરિશિષ્ટ-અના નમુનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ/સિવિલ સર્જન/મેડિકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ દિવ્યાંગતા અંગેનું જે-તે કેટેગરીના પ્રમાણપત્રની નકલ સામેલ રાખવાની રહેશેતથા સા.વ.વિ.ના તા.૨૯/૦૨/૨૦૨૪ના પરિપત્ર મુજબ દિવ્યાંગતા પ્રમાણપત્ર સબંધે સરકારશ્રીની વખતો-વખતની સૂચના/જોગવાઈ અનુસારનું દિવ્યાંગતા પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે. નિમણુંક પામનાર ઉમેદવારનું દિવ્યાંગતાનું પ્રમાણપત્ર શંકાસ્પદ જણાશે તેવા સંજોગોમાં સક્ષમ અધિકારી પાસે તેની ખરાઈ કરાવવામાં આવશે અને રજૂ કરેલ પ્રમાણપત્ર ખોટું જણાશે તો તેઓની નિમણુંક મુળ અસરથી રદ્દ કરવામાં આવશે.
૬. દિવ્યાંગ અનામતમાં ફક્ત દિવ્યાંગતાને જ અનામત તરીકે ગણવામાં આવશે. તે સિવાય કોઈ લિંગ (સ્ત્રી/પુરુષ), જાતિ આધારિત (SC/ST/SEBC) કે આર્થિક અનામત (EWS) ને ધ્યાને લેવામાં/પ્રાધાન્ય આપવામાં આવશે નહીં.
૭. સરકારી કર્મચારી અથવા સરકારશ્રીનું અનુદાન મેળવતા બોર્ડ/કોર્પોરેશન/સંસ્થાના કર્મચારીએ નિમણુંક સત્તાધિકારીનું એન.ઓ.સી.(ના વાંધા પ્રમાણપત્ર) અરજી સાથે સામેલ કરવાનું રહેશે.
૮. જે માર્કશીટમાં CGPA/CPI/Grade દર્શાવેલ હોય તેવા ઉમેદવારોએ યુનિવર્સિટી/કોલેજ પાસેથી કુલ ગુણ, મેળવેલ ગુણ અંગેનું કન્વિર્ઝન કરેલ પ્રમાણપત્ર અરજી સાથે જોડવાનું રહેશે.
૯. અરજીપત્રકમાં ઉમેદવારે પોતાનો મોબાઈલ નં. તથા ઈ-મેઈલ આઈ.ડી. અચૂકપણે દર્શાવવાનો રહેશે.
૧૦. **અરજી કરવા માટેનું સરનામું :પ્રતિ, પ્રમુખશ્રી, પંચમહાલ કળવણી મંડળ, C/o.પી.એમ.શ્રી જવાહર આમશાળા નારૂકોટ, મુ.પો.નારૂકોટ, તા.જાંબુઘોડા –પંચમહાલ પીન–૩૮૯૩૯૦.**
૧૧. ભરતી પ્રક્રિયાના કોઈપણ તબક્કે ઉમેદવાર દ્વારા આપેલ માહિતી/દસ્તાવેજો ખોટા માલુમ પડશે તો તેઓની તેની અરજી આપોઆપ અમાન્ય(રદ્દ) ગણાશે. નિમણુંક મળ્યા બાદ પણ માહિતી/દસ્તાવેજો ખોટા માલુમ પડશે તો તેઓની નિમણુંક મુળ અસરથી રદ્દ કરી તેઓની સામે નિયમાનુસારની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.
૧૨. **ભરતી સમિતી :** ભરતી માટે જિલ્લા કક્ષાની પસંદગી સમિતિ આદિજાતિ વિકાસ વિભાગના તા.૦૧/૦૪/૨૦૨૬ના ઠરાવથી નિયત કર્યા મુજબની રહેશે.ઈન્ટરવ્યુ દરમિયાન પસંદગી સમિતિએ ઉમેદવારના પ્રમાણપત્રોની ચકાસણી કર્યા બાદ પસંદ થયેલ ઉમેદવારને સબંધિત પ્રાયોજના વહિવટદારશ્રી દ્વારા બહાલી મળ્યેથી સંસ્થા દ્વારા નિમણુંક આપવામાં આવશે.
૧૩. નિયમિત નિમણુંક મળ્યા બાદ ઉમેદવારને સરકારશ્રીની નવવર્ધિત પેન્શન યોજનાનો લાભ મળવાપાત્ર થશે.
૧૪. **પગારધોરણઃ** સરકારશ્રીની ફિક્સ પગારની નીતિ અનુસાર પાંચ વર્ષ માટે વિદ્યાસહાયકને રૂ.૨૬,૦૦૦/- પ્રતિ માસ, ધો.૯-૧૦ના શિક્ષણસહાયકને રૂ.૪૦,૮૦૦/- પ્રતિ માસ તથા ધો.૧૧-૧૨ના શિક્ષણસહાયકને રૂ.૪૯,૬૦૦/- પ્રતિ માસ ફિક્સ પગારથી નિમણુંક આપવામાં આવશે. તેઓની સેવા સંતોષકારક જણાયેથી પાંચ વર્ષ બાદ નિયમિત પગાર-ધોરણમાં સમાવવા વિચારણા માટે લેવામાં આવશે. નિયમિત નિમણુંક મળ્યા બાદ ઉમેદવારને સરકારશ્રીની નવવર્ધિત પેન્શન યોજનાનો લાભ મળવાપાત્ર થશે. સેવા સંતોષકારક ન જણાતા પાંચ વર્ષ પહેલા પણ એક માસની નોટિસથી સેવાનો અંત લાવી શકાશે.
૧૫. **વયમર્યાદા :** અરજી કરવાના આખરી દિવસે ઉમેદવારની વય સરકારશ્રીએ ઠરાવ્યા મુજબની વયમર્યાદામાં હોવી જોઈએ.વયમર્યાદામાં નિયમાનુસાર છૂટછાટ મળી શકશે.
૧૬. નિમણુંક પામતા ઉમેદવારોએ શાળા ખાતે ગૃહમાતા/ગૃહપતિ તરીકેની ફરજો બજાવવાની રહેશે પ્રત્યેક કર્મચારીએ આશ્રમશાળામાં ૨૪ કલાક સ્થળ પર રહેવું ફરજિયાત છે. તેઓને સંસ્થા તરફથી રહેઠાણની સુવિધા વિના મૂલ્યે પૂરી પાડવામાં આવશે. સ્થળ પર નિવાસ ન કરતા કર્મચારીને શિસ્તભંગ બદલ ફરજમાંથી છૂટા કરવામાં આવશે.
૧૭. આદિજાતિ વિકાસ વિભાગ કે શિક્ષણ વિભાગે વખતો-વખત નિયત કરેલ શિક્ષણઅને શિસ્તવિષયક તથા અન્ય સામાન્ય નિયમોનું કર્મચારીએ પાલન કરવાનું રહેશે.
૧૮. ક્રમ (૧, ૨, ૩, ૫અને૬) પરની આશ્રમશાળામાં દિવ્યાંગ વ્યક્તિની નિમણુંક કરવા માટે સબંધિત સંવર્ગમાં સીધી ભરતીના ફાળાની જગ્યા ઉપલબ્ધ નથી પરંતુ સામાન્ય વહીવટ વિભાગના તા.૨૯/૦૧/૨૦૨૬નાપત્રની સૂચનાઓ મુજબ કરવાની થતી કાર્યવાહી સબંધે જો સબંધિત દિવ્યાંગની કેટેગરીના ઉમેદવાર ઉપલબ્ધ થાય તો તેઓને નિમણુંક આપતા પહેલા સંખ્યાધિક (Supernumerary) જગ્યા ઉભી કરવા માટે સરકારશ્રી માં દરખાસ્ત કરવામાં આવશે.જે અન્વયે સંખ્યાધિક (Supernumerary) જગ્યા ઉભી કરવા અંગે નાણા વિભાગની મંજૂરી મળ્યા બાદ દિવ્યાંગ ઉમેદવારની નિમણુંકને બહાલી મળ્યા બાદજ જે-તે ઉમેદવારની નિમણુંક કરવાની રહેશે. સદર જાહેરાત નાણા વિભાગની મંજુરીને આધિન રહેશે.

ઉપરોક્ત જાહેરાત અનુસાર લાયકાત ધરાવતા ઉમેદવારોએ તમામ પ્રમાણપત્રોની સ્વપ્રમાણિત નકલ તથા પાસપોર્ટ સાઈઝના બે ફોટા (જો વધારાની લાયકાત ધરાવતા હોય તો તે પણ) અરજી સાથે સામેલ રાખી જાહેરાત પ્રસિદ્ધ થયેલથી દિન-૧૫ માં ઉક્ત સરનામે મળી જાય તે રીતે **ફક્ત સ્પીડ પોસ્ટથી** જ અરજી મોકલવાની રહેશે. તે પછીથી મળેલ અરજીઓને ધ્યાને લેવામાં આવશે નહીં. અરજીના કવર પર લાલ પેનથી કઈ આશ્રમશાળા માટે અરજી કરેલ છે, તે દર્શાવવાનું રહેશે.૧(એક) થી વધુ આશ્રમશાળાઓમાં ઉમેદવારી નોંધાવવા માંગતા ઉમેદવારોએ દરેક આશ્રમશાળા માટે અલગ-અલગ કવરમાં અરજી કરવાની રહેશે. ઉમેદવારે અરજીની એક નકલ **પ્રાયોજના વહીવટ દારશ્રીની કચેરી, પંચમહાલ, પ્રથમ માળ, જિલ્લા સેવા સદન ૨, કલેક્ટર કચેરી કમ્પાઉન્ડ, ગોધરા, જિ.પંચમહાલને પણ મોકલવાની રહેશે.**

પ્રમુખ/મંત્રી
સંસ્થાશ્રી,પંચમહાલ કેળવણી મંડળ,
મુ.સીમલીયા, તા.ઘોઘંબા,જિ.પંચમહાલ.

અખાતી દેશો હોર્મુઝને બદલે ૪૦ટકા તેલ નિકાસ જમીની માર્ગે કરવા લાગ્યા

અખાતી દેશો વૈકલ્પિક માર્ગે તેલ નિકાસ કરી રહ્યા છે, ઈરાન જોતું જ રહી ગયું

અખાતી દેશોની તેલ નિકાસ યુદ્ધ પુર્વની સ્થિતીએ બહાલ થઈ, જોકે ઈરાનની નિકાસ શૂન્ય બરોબર

। વોશિંગ્ટન ।

ઈરાન-અમેરિકા તંગદિલી તેમ જ હોર્મુઝ જળમાર્ગમાં પણ પ્રવર્તી રહેલી તણાવભરેલી સ્થિતી વચ્ચે ઈરાનના અખાતમાં આવેલા આરબ દેશોને તેમના કાચા તેલની નિકાસને યુદ્ધ-પુર્વની સ્થિતીએ ફરી બહાલ કરવામાં સફળતા મળી છે. જોકે, અમેરિકા તરફથી થયેલી નાકાબંધીને કારણે ઈરાનની પોતાની તેલ નિકાસ શૂન્ય બરોબર રહી છે. ઈરાને હોર્મુઝ ખાડીમાં જહાજોની અવરજવર રોકીને અમેરિકા પર દબાણ ઉભું કરવા પ્રયાસ કરી રહ્યું છે તેવામાં આ ઘટનાક્રમ સર્જાયો છે.

ટેન્કર ટ્રેકિંગ સંસ્થા કેપ્લરે આપેલી આંકડાકીય જાણકારી મુજબ ૧ થી ૨૮ સપ્ટેમ્બર વચ્ચે પ્રતિદીન ૧.૬૫ કરોડ બેરલ કાચા તેલ તેમ જ કંડેનસેટની નિકાસ થઇ હતી. નિકાસનો આ આંકડો યુદ્ધ પહેલાંની સ્થિત બરોબર પહોંચી ગયો છે. થયેલી નિકાસ પૈકી ૬૦ ટકા તેલ નિકાસ હોર્મુઝ ખાડી માર્ગે થઇ હતી.

અખાતી દેશો પોતાના ૫૦ ટકા તેલની નિકાસ જમીની પાઇપલાઇન તેમ જ અન્ય બંદરગાહોથી કરવા લાગ્યા છે. યુદ્ધ પહેલાં આ રસ્તે માત્ર ૧૭ ટકા તેલની નિકાસ થતી હતી. બીજી તરફ અમેરિકા દ્વારા જુલાઇથી થયેલી નાકાબંધીને પગલે હોર્મુઝ માર્ગે ઇરાની તેલની નિકાસ તદ્દન ઠપ થઇ ચુકી છે.

સાઉદી અરબે લાલ સાગર સુધી પાઇપલાઇન અને સંયુક્ત આરબ અમીરાતે ફુજૈરા બંદરગાહ સુધી પાઇ પલાઇનનો ઉપયોગ વધારી દીધો છે. અખાતી દેશોએ ૬૩ ખુબ મોટા કદના ટેન્કર્સનું એક નેટવર્ક તૈયાર કર્યું છે. તે ૬૩ ટેન્કર્સ હોર્મુઝ ખાડીમાંથી પસાર થઈને ફુજૈરા નજીક ઉભેલા જહાજોમાં તેલ ટ્રાન્સફર કરે છે.

હોમિયોપેથી અને આયુર્વેદમાં વધુ ૧૨ કોલેજને મંજૂરી, ૯ કોલેજની માન્યતા રદ

। અમદાવાદ ।

હોમિયોપેથી અને આયુર્વેદમાં ૩,૭૭૦ જેટલી ખાલી પડેલી બેઠકોમાં પ્રવેશ માટે ત્રીજો રાઉન્ડ જાહેર કરવામાં આવ્યો છે. આ ત્રીજા રાઉન્ડમાં ભાગ લેવા ઈચ્છતા વિદ્યાર્થીઓ આગામી ૮મી ઓક્ટોબર સુધી ચોઇસ ફિલિંગ કરી શકશે. ત્રીજા રાઉન્ડની પ્રવેશ પ્રક્રિયા શરૂ થાય તે પહેલાં કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતની વધુ ૧૨ કોલેજોને રિન્યુઅલ મંજૂરી અપાતાં નવી ૫૨૬ જેટલી બેઠકોનો વધારો થયો છે. બીજી તરફ ૯ કોલેજોની માન્યતા ચાલુ વર્ષની પ્રવેશ પ્રક્રિયામાંથી રદ કરી દેવાઈ છે, જ્યારે ૩ કોલેજોની મંજૂરી હજુ પેન્ડિંગ હોવાનું જાણવા મળ્યું છે.

આયુર્વેદમાં બીજા રાઉન્ડની ફાળવણી દરમિયાન ૧૪૭ જેટલી બેઠકો ખાલી પડી હતી. બીજા રાઉન્ડના અંતે સ્ટેટ ક્વોટામાં ૬૮૧ અને ઓલ ઈન્ડિયા ક્વોટામાં ૮૮ જેટલા વિદ્યાર્થીઓએ કોલેજ મળ્યા છતાં પ્રવેશ કન્ફર્મ ન કરાવતાં આ બેઠકો નોન-રિપોર્ટેડ રહી હતી.



GUJARAT METRO RAIL CORPORATION (GMRC) LIMITED
(SPV of Govt. of India and Govt. of Gujarat)
Block No.1, First Floor, Karmayogi Bhavan, Sector 10/A, Gandhinagar: 382010, Gujarat, India
આપણી મેટ્રો

Gujarat Metro Rail Corporation (GMRC) Limited, jointly and equally owned by Government of India and Government of Gujarat, is entrusted with the responsibility of implementation of Metro Rail Projects in Gujarat and its Operations & Maintenance. GMRCL invites applications from qualified and experienced candidates for the post of **Sr. Deputy General Manager (Traction), Deputy General Manager (Signalling), Manager (Signalling), Asst. Manager (Signalling, Rolling Stock, Land Acquisition & R&R), Sr. Executive/Executive (Land Acquisition & R&R), Sr. Section Engineer (Rolling Stock, Signalling), Section Engineer (Rolling Stock) on contract/deputation basis.** For detailed recruitment notification, please visit career page of our website **www.gujaratmetrorail.com.** Last date to apply is **21st October, 2026.**

DHOLERA INTERNATIONAL AIRPORT COMPANY LTD.
(A Joint Venture of Airports Authority of India-Government of Gujarat-National Industrial Corridor Development & Implementation Trust)
CIN: U62100GJ2012SGC068709
Block-1, 3rd Floor, A2 Wing, Karmayogi Bhavan, Sector-10-A, Gandhinagar-382010

Applications are invited for the post of
Company Secretary
(E3- Executive & E4-Sr.Executive)

Notification with details of advertisement is available on website https://dholera.gujarat.gov.in–TAB-DIACL. Applications shall be submitted along with supporting documents on or before by**17/10/2026, 05:00 PM**in **HARD COPY**at this office address mentioned above. Phone: 079-23258560 / 079-23258528, Mob: 9426442323

INF/1521/2026-27 **Managing Director**

CECના રાજીનામા સહિત કોંગ્રેસની ત્રણ માગણી મુદ્દે કોઈ બાંધછોડ નહીં : ખડગે

SIR પ્રક્રિયા રદ કરવામાં આવે, આગામી તમામ ચૂંટણીઓ બેલેટ પેપરથી કરાવો

। નવી દિલ્હી ।

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ સોમવારે ચૂંટણી પ્રણાલી અને ચૂંટણી પંચની કાર્યપ્રણાલીને લઈને કેન્દ્ર સરકાર પર શાબ્દિક પ્રહાર કર્યો હતો. તેમણે જણાવ્યું કે કોંગ્રેસ પાર્ટીની ત્રણ એવી માંગણીઓ છે, જેના પર કોઈ બાંધછોડ થઈ શકે નહીં. તેમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારનું રાજીનામું, SIR પ્રક્રિયાને રદ કરવી અને ઈવીએમના બદલે બેલેટ પેપરથી ચૂંટણી યોજવાનો સમાવેશ થાય છે. ખડગેએ પક્ષની ત્રણ મુખ્ય માંગણીઓ દોહરાવતા કહ્યું કે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે તરત જ પોતાના પદ પરથી રાજીનામું આપવું જોઈએ, મતદાર યાદી સાથે જોડાયેલી SIR પ્રક્રિયાને રદ કરવામાં આવે તેમજ આગામી તમામ ચૂંટણીઓ ઈવીએમના બદલે બેલેટ પેપરથી કરાવવામાં આવે. આ ત્રણ મુદ્દાઓને લઈને દેશભરમાં કોંગ્રેસના કાર્યકરો અને વિપક્ષી ઈન્ડિયા ગઠબંધનના પક્ષો રસ્તા પર ઉતરીને વિરોધ પ્રદર્શનો કરી રહ્યા છે. કોંગ્રેસ અધ્યક્ષે સ્પષ્ટ કર્યું કે તેમની પાર્ટી તે તમામ સિવિલ સોસાયટીના સભ્યો અને યુવા સંગઠનો સાથે મજબૂતીથી ઊભી છે, જે દેશના વિવિધ ભાગોમાં આ મુદ્દાઓને લઈને સંઘર્ષ કરી રહ્યા છે. આ સાથે જ ખડગેએ દિલ્હીમાં મહિલા પત્રકારોના કથિત ઉત્પીડનને લઈને પણ ભાજપ પર નિશાન સાધ્યું અને તેને અત્યંત નિંદનીય ગણાવ્યું. તેમણે કહ્યું કે હવે ધ્યાન ભટકાવવાની નવી ચાલો માટે તૈયાર રહો. કોંગ્રેસ અધ્યક્ષની આ વાતો ૩ ઓક્ટોબરે રાજધાનીમાં ઓલ ઈન્ડિયા સ્ટુડન્ટ્સ એસોસિએશન અને અન્ય સમૂહો દ્વારા મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ SIR પ્રક્રિયાને લઈને કરવામાં આવેલા વિરોધ પ્રદર્શનોના સંદર્ભમાં આવી છે. આ વિરોધ પ્રદર્શન દરમિયાન અનેક પ્રદર્શનકારીઓએ પોલીસ બેરિકેડ્સ તોડવાનો પ્રયાસ કર્યો હતો.

સિંગાપોરમાં જન્મદર વધારવા સરકારી કર્મીઓ માટે ડેટિંગ સર્વિસ!

। સિંગાપોર સિટી ।

સતત રેકોર્ડ સ્તરે ઘટતા જતા પ્રજનન દરના નિવારણ માટે સિંગાપોર સરકારે એક અનોખું અને તકનીકી પગલું ભર્યું છે. સરકારે ૨૧થી ૩૫ વયના યુવા સરકારી કર્મચારીઓ માટે ફર્સ્ટ ડેટ નામની એક પાઇટલ મેચમેકિંગ (ડેટિંગ) સર્વિસ શરૂ કરી છે. આ ડેટિંગ સર્વિસ શરૂ કરવાનો ઉદ્દેશ કામકાજ કરતા યુવાઓને જીવનસાથી શોધવામાં મદદ કરવાનો છે, જેથી દેશની વસ્તીસંખ્યાકીય ચિંતાઓને દૂર કરી શકાય. આ કોઈ સામાન્ય ડેટિંગ એપ નથી, જેમાં લોકો રેન્ડમ સ્વાઈપ કરે છે. ફર્સ્ટ ડેટની સૌથી મોટી ખાસિયત તેનું તકનીકી માળખું છે. આ પ્લેટફોર્મ નોબેલ પુરસ્કાર વિજેતા ગેલ-શેપલી અલ્ગોરિધમનો ઉપયોગ કરે છે. શેપલી અલ્ગોરિધમની ગાણિતિક ફોર્મુલા બંને પક્ષોની પ્રાથમિકતાઓનું વિશ્લેષણ કરી સૌથી સ્થિર અને સચોટ જોડી બનાવે છે.

આ સંશોધનને કારણે ડિપ્રેશન સહિત માનસિક બીમારીઓને સમજવી સરળ બની

મગજની કોશિકાઓને કન્ટ્રોલ કરવાનું સંશોધન કરનાર ૩ વૈજ્ઞાનિકોને મેડિસિનનું નોબેલ પ્રાઈઝ

જર્મનીનાં બે તેમજ અમેરિકાના વૈજ્ઞાનિકને સન્માન, પ્રકાશની મદદથી માનવ મગજની કોશિકાઓને નિયંત્રિત કરી તેની કામગીરી સમજવાનું સરળ બનાવતી ટેકનિક વિકસાવી

। સ્ટોકહોમ ।

વર્ષ ૨૦૨૬ માટે મેડિસિન ક્ષેત્રે મહત્વનું સંશોધન કરવા માટે જર્મનીનાં પીટર હેગેમેન અને જ્યોર્જ નાગેલ તેમજ અમેરિકાનાં કાર્લ ડાઈસેરોથને નોબેલ પ્રાઈઝ વિજેતા જાહેર કરવામાં આવ્યા છે. આ વૈજ્ઞાનિકો દ્વારા ઓપ્ટોજેનેટિક્સ નામની એક ટેકનિક વિકસાવવામાં આવી છે જેને કારણે પ્રકાશની મદદથી માનવીનાં મગજની અલગ અલગ કોશિકાઓને નિયંત્રિત કરીને તેની કામગીરી સમજી શકવાનું સરળ બન્યું છે. અગાઉ વૈજ્ઞાનિકો માટે એ જાણવાનું મુશ્કેલ હતું કે મગજની કઈ કોશિકા કયા કામ માટે જવાબદાર છે.



આંખોની રોશની પાછી લાવવા માટે સંશોધન

નોબેલ કમિટીએ જણાવ્યું કે ત્રણેય વૈજ્ઞાનિકોની શોધને કારણે મગજની કામગીરીને સમજવા રિસર્ચનો એક નવો રસ્તો ખૂલ્યો છે. આ ટેકનિકનો ઉપયોગ આંખોની બિમારી માટે પણ થઈ રહ્યો છે. વૈજ્ઞાનિકો એવી શોધ કરી રહ્યા છે કે તેની મદદથી દ્રષ્ટિ ગુમાવી ચૂકેલા લોકોની આંખોની રોશની પાછી આવી શકશે કે કેમ?

● **અમેરિકાના વૈજ્ઞાનિકનું સંશોધન :** અમેરિકાનાં વૈજ્ઞાનિક કાર્લ ડાઈસેરોથે આ જ સિસ્ટમ મગજની કોશિકો માટે અજમાવી હતી અને ન્યૂરોન્સમાં ચેનલરોડોપ્સિન બનાવનાર જિન્સ પહોંચાડ્યા હતા. નીલો પ્રકાશ નાંખીને આ કોશિકાઓને સક્રિય કરી શકાતી હતી. ડાઈલેરોથે આ શોધને ૨૦૦૫માં પ્રકાશિત કરી હતી. ૨૦૦૭માં તેણે જીવતા ઉંદરનાં મગજમાં પણ પ્રયોગ કર્યા હતા. જેને કારણે ઓપ્ટોજેનેટિક્સનો રસ્તો ખુલ્યો હતો.

પતિ કે પત્ની કોર્ટ કેસ કરે એ માનસિક ક્રૂરતા ન ગણાય : કર્ણાટક હાઈકોર્ટ

બેંગ્લુરુ : કર્ણાટક હાઈકોર્ટે ઠરાવ્યું છે કે પતિ કે પત્ની દ્વારા કાનૂની કાર્યવાહી કરવી એ માનસિક ક્રૂરતા નથી, જો આવો કાનૂની આશરો લેવા માટે યોગ્ય આધાર હોય. જસ્ટિસ ડી. કે. સિંહ અને જસ્ટિસ એચ. શાંતિ ભૂષણની બેન્ચે તુમકુરુની ફેમિલી કોર્ટનો એપ્રિલ ૨૦૧૯નો આદેશ રદ કરતી વખતે આ ટિપ્પણી કરી, જેણે વૈવાહિક અધિકારોની પુન: સ્થાપનાની માંગ કરતી પત્નીની અરજી ફગાવી હતી. હાઈકોર્ટે જણાવ્યું કે ફેમિલી કોર્ટનો તર્ક મુખ્યત્વે એ આધાર પર હતો કે પત્ની દ્વારા આઈપીસીની કલમ ૪૯૮-એ હેઠળ ફોજદારી કાર્યવાહી શરૂ કરવા, ભરણ-પોષણ માટેના તેના દાવા અને ભાગલાના દાવાએ એવી દુશ્મની પેદા કરી દીધી છે કે પતિનું અલગ રહેવું વ્યાજબી હતું.

ઈરાન સમર્થિત હૂતીઓએ તુર્બાહ શહેર પર કબજો કર્યો, સાઉદી ભીંસમાં

। સના ।

ઈરાન સમર્થિત હૂતિ બળવાખોરોએ યમનના દક્ષિણ-પશ્ચિમએ આવેલા મહત્વના વિસ્તાર પર કબજો કરી લીધો છે. હૂતિ બળવાખોરોએ રવિવારે તુર્બાહ શહેર પર કબજો કર્યા પછી વ્યૂહાત્મ રૂપે ખૂબ જ મહત્વના પ્રદેશના પાટનગર તાઈઝી તરફ ઝડપથી આગળ વધી રહ્યા છે. સાઉદી સમર્થિત યમન સરકાર માટે આ ઘટના આંચકારૂપ છે. બીજી તરફ આંતરરાષ્ટ્રીય કક્ષાએ માન્યતા પ્રાપ્ત યમન સરકારે હૂતિ વિરૂદ્ધ સૈન્ય અભિયાનની જાહેરાત કરી દીધી છે. ચાર વર્ષ સુધી ચાલેલા યુદ્ધ વિરામ પછી સાઉદી અરબ અને હૂતી વચ્ચે વધી રહેલી તંગદીલી યમનમાં ફરી આંતરવિગ્રહ સર્જી શકે છે. હૂતિ બળવાખોરોએ રવિવારે જે તુર્બાઝ શહેર પર કબજો કરી લીધો છે, તે શહેર મહત્વના માર્ગ પર આવેલું છે. તે રસ્તો પ્રાંતની રાજધાની તાઈઝ તેમ જ એડન બંદર સાથે તુર્બાહને જોડે છે. વર્તમાનમાં એડન તે આંતરરાષ્ટ્રીય માન્યતા પ્રાપ્ત યમન સરકારનું વડુ મથક છે. વીતેલા કેટલાય વર્ષથી તુર્બાહમાં સરકારી સૈન્યની મોટાપાયે તૈનાતી રહી હતી. સરકારી સેના ત્યાં રહીને પ્રાંતીય રાજધાની તાઈઝને બચાવતી રહી હતી.

વર્લ્ડ સેરેબ્રલ પાલ્સી ડેની ઉજવણી યુનિક અને યુનાઈટેડના થીમ પર ઉજવાશે

વડોદરામાં વર્લ્ડ સેરેબ્રલ પાલ્સીથી પીડાતા બાળદર્દીઓની સંખ્યા ૧૦૦૦ ઉપરાંત

અસરગ્રસ્ત વ્યકિતઓના શિક્ષણ, આરોગ્ય સંભાળ, રોજગાર અને સમાજમાં સમાન તક મળે તે હેતુ

। વડોદરા ।

૬ ઓકટોબરના રોજ સેરેબ્રલ પાલ્સી ધરાવતા દર્દીઓ માટે જાગૃતિ સન્માન સમાન અધિકાર અને સમાવેશ માટે વિશ્વભરમાં મનાવવામાં આવે છે. આ દિવસનો હેતુ સેરેબ્રલ પાલ્સી વિશેની ગેરમાન્યતાઓ દૂર કરી અસરગ્રસ્ત વ્યકિતઓના શિક્ષણ આરોગ્ય સંભાળ રોજગાર અને સમાજમાં સમાન તક મળે તે માટે અવાજ ઉઠાવવાનો છે. શહેરમાં સેરેબ્રલ પાલ્સીથી પીડાતા બાળદર્દીઓની સંખ્યા એક હજાર ઉપરાંત છે.

વિશ્વ સેરેબ્રલ પાલ્સીએ વિકસતા મગજને થયેલી ઈજાના કારણે થતી કાયમી હલનચલન અને શરીરની સ્થિતિ સંબંધિત અક્ષમતા છે. મગજની મૂળ ઈજા સામાન્ય રીતે આગળ વધતી નથી પરંતુ તેની અસર વ્યકિતના હલનચલ સંતુલન બોલવા ખાવા-પીવા અને દૈનિક પ્રવૃત્તિઓ પર અલગ-અલગ પ્રમાણમાં થઈ શકે છે.

આ રોગ માટે જવાબદાર કારણોમાં સમય પહેલાં જન્મ અને તેનાથી સંબંધિત મગજની ઈજા, જન્મ સમયે મગજમાં ઓકિસજન કે રકતપ્રવાહની અછત, નવજાત શિશુમાં ગંભીર કમળાની યોગ્ય સારવાર ન થવી, જન્મજાત મગજની રચનાની અસામાન્યતા, ગર્ભાવસ્થા પ્રસૂતિ અથવા જન્મ બાદના સમયમાં મગજને ઈજા અથવા ચેપ લાગવાના કારણોનો સમાવેશ થાય છે. જો આ લક્ષણો બાળકોમાં જોવા મળે તો તુર્તજ ડૉકટરનો સંપર્ક સાધવાની સલાહ પિડીયાટ્રિક ન્યુરોલોજિસ્ટ ડૉ શ્રીધર જોષીએ આપી હતી. જેમાં બાળકમાં ઉંમર પ્રમાણે વિકાસમાં વિલંબ, બેસવામાં ઊભા થવામાં ચાલવામાં મુશ્કેલી સ્નાયુઓમાં વધારે કડકાઈ અથવા ઢીલાશ, સંતુલનની તકલીફ હાથ પગના હલનચલનમાં સંકલનનો અભાવ વિગેરે જોવા મળે છે.

સેરેબ્રલ પાલ્સી માટે એકજ પ્રકારની સારવાર બધાને લાગુ પડતી નથી. બાળકની જરૂરિયાત પ્રમાણે ફિઝિયોથેરાપી, ઓકયુપેશનલ થેરાપી સ્પીચ અને લેંગ્વેજ થેરાપી આપવામાં આવે છે. આ ઉપરાંત ઓર્થોટિક ઉપકરણો દવાઓ તથા જરૂરી હોય ત્યા સર્જરી સહિતની સારવાર કરવામાં આવે છે. આ ઉપરાંત શિક્ષણ સહાયક સાધનો ટ્રાન્સપોર્ટ અને જાહેર સ્થળોમાં સુલભતા તથા પરિવારને લાંબા ગાળાનો સહયોગ પણ મહત્વપૂર્ણ છે. જયારે આ વર્ષનું અભિયાન પણ રીહેબીલીટેશન એજયુકેશન ઈન્કલ્યુશન અને લાઈફ લોન્ગ સપોર્ટ પર ભાર મુકે છે. આ વર્ષે પણ યુનિક અને યુનાઈટેડના થીમ પર વર્લ્ડ સેરેબ્રલ પાલ્સી ડેની ઉજવણી થશે.

વિદ્યાસહાયક (ધો.૧ થી ૮) / શિક્ષણસહાયક (ધો.૯ થી ૧૨) (દિવ્યાંગ) જોઈએ છે. (બીજો પ્રયત્ન)

આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર અનુદાનિત અને સંસ્થા **શ્રી પંચમહાલ કેળવણી મંડળ, કાલોલ સંચાલિત** નીચે દર્શાવ્યા મુજબની **આશ્રમશાળા /ઉ.બુ. આશ્રમ શાળા, ઉ. ઉ.બુ. આશ્રમશાળાઓમાં** દિવ્યાંગજનોની ખાસ ભરતી ઝુંબેશ અંતર્ગત **વિદ્યા સહાયકો(ધો.૧ થી ૮)/શિક્ષણ સહાયકો(ધો.૯ થી ૧૨)** ની જગ્યા પર દિવ્યાંગજનોની સીધી ભરતી માટે પ્રાયોજના વહીવટદારશ્રી, મુ.ગોધરા, જિ.પંચમહાલ દ્વારા તેઓના પત્ર ક્રમાંક : (૧) આવિ/આશા/NOC/ફા.નં.૩૪૦/ ૨૦૨૬-૨૭/ ૧૧૮૧ થી ૧૧૮૪, તા.૦૪/૦૮/૨૦૨૬ (૨) આવિ/આશા/NOC/ફા.નં.૩૪૦/૨૦૨૬-૨૭/૧૧૮૫ થી ૧૧૮૮ તા.૦૪/૦૮/૨૦૨૬ (૩) આવિ/આશા /NOC/ ફા.નં.૩૪૦/૨૦૨૬-૨૭/૧૧૮૯ થી ૧૧૯૨ તા.૦૪/૦૮/૨૦૨૬ (૪) આવિ/આશા/NOC/ફા.નં.૩૪૦/૨૦૨૬-૨૭/૧૧૯૩ થી ૧૧૯૬ તા. ૦૪/૦૮/૨૦૨૬ (૫)આવિ/આશા/NOC/ફા.નં.૩૪૦/૨૦૨૬-૨૭/૧૧૯૭ થી ૧૨૦૦ તા.૦૪/૦૮/૨૦૨૬ (૬) આવિ/આશા/NOC/ ફા.નં.૩૪૦/ ૨૦૨૬ -૨૭ /૧૨૦૧ થી ૧૨૦૪ તા.૦૪/૦૮/૨૦૨૬ થી ના વાંધા પ્રમાણપત્ર આપવામાં આવેલછે, જે અન્વયે ગુજરાતી માધ્યમના વિદ્યાસહાયકો (ધો.૧ થી ૮)/શિક્ષણ સહાયકો(ધો.૯ થી ૧૨)નીજગ્યા પર દિવ્યાંગજનોની ભરતી કરવાની છેઃ

ક્રમ	આશ્રમશાળાનું નામ	ધોરણ	જગ્યાનું નામ	વિષય	રોસ્ટર ક્રમ	ભરવાપાત્ર કેટેગરી	લાયકાત	જગ્યાઓ
૧	પી. એમ. શ્રી. જવાહરઆશ્રમશાળા, નારૂકોટ તા. જાંબુઘોડા જિ.પંચમહાલ	૧ થી ૫	વિદ્યા સહાયક (ધો.૧ થી ૮)	તમામ	ઘટ	દિવ્યાંગજન (કેટેગરી-A) Blind, Low Vision	શિક્ષણ વિભાગના પ્રવર્તમાન નિયમો મુજબ + TET 1	૦૧
		૯ થી ૧૦	શિક્ષણ સહાયક (ધો.૯ થી ૧૦)	ગુજરાતી	ઘટ		શિક્ષણ વિભાગના પ્રવર્તમાન નિયમો મુજબ + TAT (S)	સંખ્યાધિક
		૧૧ થી ૧૨	શિક્ષણ સહાયક (ધો.૧૧ થી ૧૨)	ભૂગોળ	૧		શિક્ષણ વિભાગના પ્રવર્તમાન નિયમો મુજબ + TAT (HS)	૦૧
૨	શ્રીમોરારજીદેસાઇઆદિવાસીઆશ્રમશાળા, છતરડીવાવ તા. હાલોલ જિ.પંચમહાલ	૬ થી ૮	વિદ્યા સહાયક (ધો.૧ થી ૮)	અંગ્રેજી	ઘટ	દિવ્યાંગજન (કેટેગરી-A) Blind, Low Vision	શિક્ષણવિભાગના પ્રવર્તમાન નિયમો મુજબ + TET 2	૦૧
		૯ થી ૧૦	શિક્ષણ સહાયક (ધો.૯ થી ૧૦)	સામાજિક વિજ્ઞાન	ઘટ		શિક્ષણ વિભાગના પ્રવર્તમાન નિયમો મુજબ + TAT (S)	સંખ્યાધિક
૩	આદિવાસીઆશ્રમશાળા, શિવરાજપુર તા. હાલોલ જિ.પંચમહાલ	૧ થી ૫	વિદ્યા સહાયક (ધો.૧ થી ૮)	તમામ	ઘટ	દિવ્યાંગજન (કેટેગરી-A) Blind, Low Vision	શિક્ષણ વિભાગના પ્રવર્તમાન નિયમો મુજબ + TET 1	૦૧
		૯ થી ૧૦	શિક્ષણ સહાયક (ધો.૯ થી ૧૦)	ગુજરાતી	ઘટ		શિક્ષણ વિભાગના પ્રવર્તમાન નિયમો મુજબ + TAT (S)	સંખ્યાધિક
૪	શ્રીસોનીપુરઆશ્રમશાળા, સોનીપુર તા. હાલોલ જિ.પંચમહાલ	૧ થી ૫	વિદ્યા સહાયક (ધો.૧ થી ૮)	તમામ	ઘટ	દિવ્યાંગજન (કેટેગરી-A) Blind, Low Vision	શિક્ષણ વિભાગના પ્રવર્તમાન નિયમો મુજબ + TET 1	૦૧
		૯ થી ૧૦	શિક્ષણ સહાયક (ધો.૯ થી ૧૦)	ગણિત વિજ્ઞાન	૧		શિક્ષણ વિભાગના પ્રવર્તમાન નિયમો મુજબ + TAT (S)	૦૧
૫	મા. છ. ઠાકોર આદિવાસી આશ્રમશાળા, કરોલી તા. કાલોલ જિ.પંચમહાલ	૬ થી ૮	વિદ્યા સહાયક (ધો.૧ થી ૮)	ગણિત વિજ્ઞાન	ઘટ	દિવ્યાંગજન (કેટેગરી-A) Blind, Low Vision	શિક્ષણવિભાગના પ્રવર્તમાન નિયમો મુજબ + TET 2	૦૧
		૯ થી ૧૦	શિક્ષણ સહાયક (ધો.૯ થી ૧૦)	ગુજરાતી	ઘટ		શિક્ષણ વિભાગના પ્રવર્તમાન નિયમો મુજબ + TAT (S)	સંખ્યાધિક
૬	શ્રી માણેકલાલ મગનલાલ ગાંધી ઉચ્ચતર ઉત્તરબુનિયાદી આશ્રમશાળા, નારૂકોટ તા. જાંબુઘોડા જિ.પંચમહાલ	૯ થી ૧૦	શિક્ષણ સહાયક (ધો.૯ થી ૧૦)	ગુજરાતી	ઘટ	દિવ્યાંગજન (કેટેગરી-A) Blind, Low Vision	શિક્ષણ વિભાગના પ્રવર્તમાન નિયમો મુજબ + TAT (S)	૦૧
		૧૧ થી ૧૨	શિક્ષણ સહાયક (ધો.૧૧ થી ૧૨)	કૃષિ વિદ્યા	ઘટ		શિક્ષણ વિભાગના પ્રવર્તમાન નિયમો મુજબ + TAT (HS)	સંખ્યાધિક

શરતોઃ
૧. **લાયકાત :**ઉમેદવારની લાયકાત રાજ્ય સરકારશ્રી/શિક્ષણ વિભાગ દ્વારા વખતો-વખત નિયત કર્યા મુજબની રહેશે. નિયત લાયકાત તરીકે જરૂરી તમામ પરીક્ષાઓ તથા રાજ્ય સરકારશ્રી દ્વારા નિયત થયેલ સંબંધિત વિષયની TET-૧/૨ / TAT-S/HS પરીક્ષા અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં પાસ કરેલ હોવી જોઈશે.
૨. શૈક્ષણિક અને તાલીમી લાયકાત અનુક્રમે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તથા નેશનલ કાઉન્સિલ ફોર ટીચર એજ્યુકેશન દ્વારા માન્ય સંસ્થામાંથી જ પાસ કરેલી હોવી જોઈશે.
૩. ઉમેદવાર સરકારશ્રીએ ઠરાવ્યા પ્રમાણે કમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતા હોવા જોઈએ.
૪. નિયત લાયકાત અંગેના તમામ દસ્તાવેજોની પ્રમાણિત નકલ અરજી સાથે સામેલ રાખવાની રહેશે.
